# યોગ — કર્મમાં કૌશલ્ય

સેવા, સિદ્ધયોગ પથ પર મુખ્ય આધ્યાત્મિક અભ્યાસોમાંથી એક છે. શ્રી મુક્તાનંદ આશ્રમમાં સ્ટાફ અને વિશ્વભરથી આવનારા સિદ્ધયોગીઓ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશનનાં કાર્યને આધાર આપવા માટે એટલે કે સિદ્ધયોગ મિશનમાં સેવા અર્પિત કરવા માટે તેમના કૌશલ્ય, પ્રતિભા અને શક્તિ અર્પણ કરે છે.

ભારતના એક મહાન ગ્રંથ, શ્રી ભગવદ્‌ગીતામાં ભગવાન કૃષ્ણ શીખવે છે, ‘‘કર્મમાં કૌશલ્ય યોગ છે.’’ પ્રેમ અને એકાગ્રતા સાથે સેવા અર્પણ કરવાથી આપણે પ્રવીણતા, આત્મવિશ્વાસ, આનંદ અને મનની સમતાનો વિકાસ કરીએ છીએ અને આપણા અસ્તિત્વના કેન્દ્રમાં વિદ્યમાન આનંદ અને શક્તિના અક્ષય સ્રોત સાથે આપણા સંબંધને દૃઢ બનાવીએ છીએ. આ રીતે સેવાનો અભ્યાસ કરવાથી આપણે યોગના લક્ષ્યને પ્રાપ્ત કરવાની દિશામાં અગ્રેસર થઈએ છીએ; એ લક્ષ્ય છે, આત્મા સાથે આપણા ઐક્યનો દૃઢ બોધ.

જ્યારે તમે વિવિધ પ્રકારની સેવામાં સંલગ્ન સિદ્ધયોગીઓનાં આ ચિત્રોને જુઓ ત્યારે તમે મનન કરવા માટે આમંત્રિત છો કે કેવી રીતે પ્રત્યેકમાં કેન્દ્રણ, સન્માન અને ઉત્સાહના ગુણો દ્વારા ‘કર્મમાં કૌશલ્ય’ વ્યક્ત થાય છે.

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.